પ્રતિ શ્રી તંત્રી સાહેબ

**વિષય : પ્રેસ નોટ છાપવા બાબત**

જે ભારત સવિનય સાથે છોટાઉદેપુર જિલ્લાના  કવાંટ તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભાતાઘર ટ્રસ્ટ શ્રી પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટના વહીવટ કરતાં શ્રી ડો. ભૂપેશભાઈ ડી. શાહ સાહેબની સમગ્ર ટીમ અમદાબાદ તરફથી તેમજ શ્રી ભરતકુમાર રામજીભાઇ રાઠવા આચાર્ય શ્રી મોટા વાંટા  શ્રેષ્ઠ પ્રાથમિક શાળાના સંયોજનથી મફત સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું.

જે કવાંટ તાલુકાની ખેરકા, રંગપુર (ક), મૂંડામોર, મુગલવાંટ, લાલપુર, બગલિયા, ઊંચેડાં, સોંઢવડ, મંદવાડા, નાની જરોઈ, જરોઈ, મોટા વાંટા, જાંબા, ચીપાણ, કાનાબેડાં, આથા ડુંગરી, તાડ ફળિયા, આથા ડુંગરી ગૃપ શાળા, ટવા-૧, કવાંટ–વર્ગ હેન્ડીકેપ બાળકોને તા. ૩૦/૧૨/૨૦૨૫ થી તા. ૦૮/૦૧/૨૦૨૬ સુધીમાં દરેક સ્કૂલના આચાર્ય શ્રીઓને સંખ્યા મુજબ કૂલ ૧૫૧૪ સ્વેટર વિતરણ કરવામાં આવ્યા હતા. સદર સંસ્થાના વહીવટ કરતાં ડો. ભૂપેશભાઈ ડી. શાહ અને અમદાવાદથી સમગ્ર ટીમ આ આદિવાસી વિસ્તારમાં છેલ્લા દસ વર્ષથી શૈક્ષણિક સંસ્થાઓને તેમજ જરૂરિયાત મુજબ આર્થિક રીતે તેમજ જે જોઈએ તે વસ્તુ આપી મદદ કરી સરાહનીય કામગીરી કરે છે.  જે આ સંસ્થા તેમજ તમામ કાર્યકરોએ સ્કૂલમાં આવી સેવા અવિરતપણે કરતાં રહે તેવી તમામ શાળાના આચાર્ય શ્રીઓએ ડો. ભૂપેશભાઈ ડી. શાહ સાહેબની સમગ્ર ટીમ અમદાવાદને હાર્દિક શુભેછાઓ પાઠવે છે. તમામ સ્વેટરોની વહેંચણી કવાંટ તાલુકાના પ્રાથમિક  શિક્ષણ અધિકારી શ્રી સનતભાઈ રાઠવા તેમજ BRC શ્રી રાજેશભાઇ ડી. રાઠવા તથા CRC શ્રી વિઠ્ઠલભાઈ રાઠવા  તેમજ કવાંટ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ ના પૂર્વ પ્રમુખ તેમજ મોટા વાંટા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ભરતકુમાર રાઠવા તેમજ અન્ય મહાનુભાવોની હાજરી માં સ્વેટર વિતરણનો કાર્યક્રમ કરવામાં આવેલ જે આ સંસ્થાનો આ વિસ્તારના બાળકોના વાલીઓ તેમજ ત્યાંનાં સમાજ સેવકો આ સંસ્થા નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે તેમજ આવી સેવા ભવિષ્યમાં પણ કરતાં રહે તેવી શુભેચ્છાઓ પાઠવે છે.